# વીજ મથકોમાં કોલસો તથા ગેસના જથ્થાની જરૂરિયાત

## (૧) એક બાજુએ આપડે વીજ માંગમાં સતત વધારો થયાનું કહીએ છીએ તો પછી વર્ષ– ૨૦૨૨ની સરખામણીમાં વર્ષ૨૦૨૩માં ઓછા જથ્થાની જરૂર કેમ પડી?

**જવાબ**

૧. વર્ષ ૨૦૨૨માં મહત્તમ વીજ માંગ ૨૧૩૮૨ MWઅને વર્ષ ૨૦૨૩ માં ૨૪૫૪૪ MW. આમ વીજ માંગ માં માત્ર એક જ વર્ષ માં ૧૫% નો વધારો થયેલ છે. જે સમગ્ર દેશ માં વર્ષ ૨૦૨૨ માં મહત્તમ વીજ માંગ ૨,૧૫,૮૮૮ MWઅને તે વધી ને વર્ષ ૨૦૨૩ માં ૨,૪૩,૨૭૧ MW થયેલ. વર્ષ ૨૦૨૩માં દેશની કુલ મહત્તમ વીજ માંગ પૈકી એકલા ગુજરાત રાજ્યની વીજ માંગ ૧૨.૬૦ ટકા નોંધાયેલ.

ગુજરાત માં તો વિકાસ ની ગતિ અવિરત ચાલી જ રહી છે, પણ સમગ્ર દેશ માં પણ સમગ્રતયા વિકાસ નાં લીધે વીજ માંગ માં વધારો જોવા મળેલ, તેમ છતાં ગુજરાત માં આપણ ને લોડ શેડિંગ કર્યા વગર સતત વીજ પુરવઠો પૂરો પાડેલ છે.

૨ .રાજ્ય હસ્તક ની વીજ કોલ આધારિત કુલ ઉત્પાદન ક્ષમતા ૪૫૧૦ MWછે. જેમાંથી ૪૦૧૦ MW ડોમેસ્ટિક કોલ આધારિત અને ૫૦૦ MWસિક્કા ખાતેઆયાતી કોલ આધારિત છે.

૩. વીજ નિયમન આયોગના નિર્દેશ અનુસાર, વીજ માંગ ને પહોંચી વળવા મેરીટ ઓર્ડેર ના ક્રમ અનુસાર સસ્તા થી મોંઘી ક્રમ મુજબ, વીજ જરૂરિયાત પૂર્ણ થાય ત્યાં સુધી ક્રમ અનુસાર કોલ અને ગેસ આધારીત વીજ મથકોમાંથી વીજળી મેળવવા માં આવે છે.

૪. આમ કોલ અને ગેસ આધારીત વીજ માંગ બદલાતી રહે છે. તેના આધારે, ઉપરોકત ડોમેસ્ટિક કોલ આધારિત વીજ મથકો માટે છેલ્લા ૨ વર્ષ માં કોલ ની ફાળવણી નીચે મુજબ છે.

| વર્ષ | કોલસાની ફાળવણી (આંકડા મેટ્રીક ટનમાં) |
|---|---|
| ૨૦૨૨ (જાન્યુઆરી થી ડિસેમ્બર) | ૧,૪૭,૧૭,૭૧૩ |
| ૨૦૨૩ (જાન્યુઆરી થી ડિસેમ્બર) | ૧,૪૬,૭૬,૮૩૬ |

*વીજ મથક ઉપર મેળવેલ કોલસો અને વપરાશ માં લીધેલ કોલ (રેલ મોડ + વોશ કોલ)

૫.વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ દરમ્યાન જીએસઇસીએલના દેશી કોલસા આધારિત વીજ મથકો સરેરાશ ૫૭%-૫૯% પ્લાન્ટ લોડ ફેક્ટર (PLF)પર ચાલેલ હતા.

૬. વીજ માંગને પહોંચી વળવા પર્યાપ્ત વીજ ઉત્પાદન કરવામાં આવેલ છે અને કોઈ લોડ શેડિંગ થયેલ નથી. અને ઉપરોકત ફાળવેલ કોલ વીજ માંગને પહોંચી વળવા પર્યાપ્ત હતો.

૭. વધુમાં રાજ્યની વધતી જતી વીજ માંગને પૂરી કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રિય સાહસો માંથી રાજ્ય ને વધારા નો કુલ ૨૫૦૮ MW (વર્ષ ૨૦૨૧માં ૧૪૩૪ MW, વર્ષ ૨૦૨૨માં ૮૩૭ MW અને વર્ષ ૨૦૨૩માં ૨૩૭ MW) વીજ પુરવઠો પૂરો પાડવામાં આવેલ.

૮. જાન્યુઆરી -૨૦૨૨ થી ડિસેમ્બર -૨૦૨૨ માં આંતરરાસ્ટ્રીય બજાર માં રશિયા અને યુક્રેન યુદ્ધ ના લીધે ગેસ ની કિમત માં ખુબજ વધારો થયેલ અને ભાવ ૪૦-૪૫ ડોલર/એમ એમ બી ટી યુ પહોંચ્યો હોવાથી એક યુનિટનો ભાવ રુપિયા ૨૫/- જેટલો થયો હતો. જેથી ગેસ આધારિત વીજ મથકો મેરીટ-ક્રમ માં નહીં કારણે ઉત્પાદન મેળવેલ નથી અને અન્ય સસ્તા વીજ સ્ત્રોતમાંથી વીજ માંગ પૂર્ણ કરવામાં આવેલ છે.

૯.મેરીટ ઓર્ડેર પ્રોટોકોલ મુજબ વીજ ઉત્પાદન વીજ મથકની માલિકીને ધ્યાનમાં લઇ ને નહી પરંતુ ઇંધણ ખર્ચ મુજબ કરવામાં આવે છે.

૧૦. વર્ષ ૨૦૨૨ અને વર્ષ ૨૦૨૩માં રિન્યુએબલ એનર્જી પ્લાન્ટ્સમાંથી વીજળીનું કુલ ઉત્પાદન અનુક્રમે ૧૯૫૨૩ તથા ૨૨૮૮૮ મીલીયન યુનિટસ હતું, જે પૈકી GUVNL દ્વારા રાજ્યના ગ્રાહકો માટે અનુક્રમે ૧૫૪૩૦ તથા ૧૬૭૭૦ મીલીયન યુનિટસ વીજળી પૂરી પાડવામાં આવેલ છે.

આમ, રાજ્ય સરકાર દ્વારા બિન પરંપરાગત સ્ત્રોતો નો મહત્તમ વિકાસ કરી ને વધુ માં વધુ બિન પરંપરાગત ઉર્જા નો ઉપયોગ કરી  કોલ આધારિત વીજ મથક ની નિર્ભરતા ઓછી કરવી છે.

૧૧. કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત કરવા માંઆવેલ CIMFRદ્વારા (Independent Third Party Agency for coal sampling and analysis) લોડીંગ પોઈન્ટ (Loading End) પર કોલની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે છે અને તેના આધારે કોલના ભાવ નિર્ધારિત/ચુકવણી કરવામાં આવે છે.

૧૨. ઉપલબ્ધ કરવામાં આવેલ કોલનો જથ્થો પર્યાપ્ત હતો તેમજ કોલનો જથ્થોના હોવાના કારણે વીજ ઉત્પાદન ઓછુ કે બંધ થયેલ હોય તેવું બનેલ નથી.

તેમજ જરૂરિયાત મુજબ ગેસ નો ઉપયોગ કરી ને વીજ ઉત્પાદન કરવામાં આવેલ.

(૨) સરકાર હસ્તકના વીજ મથકો પૂર્ણ ક્ષમતાએ ચલાવ્યા હોય તો જરૂરિયાત મુજબના જથ્થાનો કોલસો વાપરી શકાયો હોત અને ગ્રાહકોને સસ્તી વીજળી આપી શક્યા હોત. આ અંગે સ્પષ્ટતા આપવા વિનંતી.

મા.ધારાસભ્ય શ્રી મહેશભાઇ કસવાલા

## જવાબ

વીજ નિયમન આયોગના નિર્દેશ અનુસાર, વીજ માંગ ને પહોંચી વળવા અને **SLDC** ની સુચના અનુસાર મેરીટ ઓર્ડેર ક્રમ અનુસાર એ માંગ અનુસાર કોલ આધારીત વીજ મથકોમાંથી વીજળી મેળવવા માં આવે છે. વીજ માંગ ને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય ની રજૂઆત ને દયાન માં લઇ કેન્દ્રિય સાહસો માંથી વધારા નો વીજ પુરવઠો વ્યાજબી દરે ઉપલબ્ધ કરાવવા માં આવે છે.વધુમાં સરકાર દ્વારા બિન પરંપરાગત સ્રોત જેવા કે સૌર અને પવન ઉર્જા ની ક્ષમતા માં વધારો થયેલ હોવા થી તેમાં થી સસ્તા દરે વીજ ઉત્પાદન મેળવવા માં આવે છે જે ના થકી રાજ્ય ના વીજ ગ્રાહકો ને સસ્તા ભાવે વીજળી ઉપલબ્ધ થઇ છે. તેમ છતાં, જરૂરિયાત મુજબ નો પર્યાપ્ત કોલ નો જથ્થો, વીજ માંગ ને પોહંચી વળવા માટે ઉપલબ્ધ હોય જ છે.

| સેક્ટર | ૨૦૨૨ | | | ૨૦૨૩ (પ્રોવિઝનલ) | | |
|---|---|---|---|---|---|---|
| | મિલિયન યુનિટ્સ | રૂ/યુનિટ | % | મિલિયન યુનિટ્સ | રૂ/યુનિટ | % |
| જી.એસ.ઈ.સી.એલ | ૨૨૮૮૧ | રૂ ૫.૪૮ | ૧૯% | ૨૨૪૩૦ | રૂ ૬.૧૧ | ૧૮% |
| રાજ્ય હસ્તક આઈપીપી | ૩૨૨૫ | રૂ ૫.૩૯ | ૩% | ૩૩૦૨ | રૂ ૫.૭૨ | ૩% |
| કેન્દ્ર હસ્તકના સાહસો | ૪૨૩૬૭ | રૂ ૪.૪૯ | ૩૬% | ૪૫૩૫૭ | રૂ ૪.૩૯ | ૩૭% |
| ખાનગી સાહસો (Private) | ૧૮૪૭૩ | રૂ ૬.૭૫ | ૧૬% | ૨૦૪૮૮ | રૂ ૫.૮૧ | ૧૭% |
| પાવર એક્ષચેન્જ અને અન્ય દ્વિપક્ષીય કરાર | ૧૭૦૬૨ | રૂ ૪.૫૬ | ૧૪% | ૧૫૦૫૦ | રૂ ૫.૪૦ | ૧૨% |
| બિનપરંપરાગત સ્રોત | ૧૫૨૭૮ | રૂ ૩.૯૯ | ૧૩% | ૧૬૪૦૫ | રૂ ૩.૮૩ | ૧૩% |
| કુલ | ૧૧૯૨૮૬ | રૂ ૫.૦૦ | ૧૦૦ | ૧૨૩૦૩૨ | રૂ.૫.૦૨ | ૧૦૦ |

**(૩) કેન્દ્ર સરકાર દ્વારા પુરા પાડવામાં આવતા કોલસાની ગુણવત્તા અંગેના શુ માપદંડ હોય છે ? નબળી ગુણવત્તાનો કોલસો આપ્યો હોય તો તેના માટે કોઈ પેનલ્ટી લેવામાં આવે છે કે કેમ ?**

**મા.ધારાસભ્ય શ્રી ભરતભાઇ પટેલ**

**જવાબ**

જીએસઇસીએલ(**GSECL**)ને કેન્દ્ર સરકારની કોલ ઇન્ડિયા કંપનીની સબસીડીયરી કંપની સાઉથ ઇસ્ટર્ન કોલ ફીલ્ડસ લી.(**SECL**), નોર્થન કોલ ફીલ્ડસ લીમીટેડ (**NCL**) અને વેસ્ટર્ન કોલ ફીલ્ડસ લી. (**WCL**) દ્વારા પુરો પાડવામાં આવતા કોલસાની ગુણવત્તા બીલમાં દર્શાવેલ ગુણવત્તાના આધારે અને લોડીંગ પોઈન્ટ (**Loading End**) ઉપર કોલની ગુણવત્તાની ચકાસણી કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા નીમવામાં આવેલ **CIMFR (Independent Third Party Agency)** લોડીંગ પોઈન્ટ (**Loading End**)ના પરિણામના આધારે ચકાસવામાં આવે છે. જો બીલમાં દર્શાવેલ ગુણવત્તા કરતા ઓછી ગુણવત્તા નો કોલ મળેલ હોઈ તો તે કોલ ના જથ્થા માટે કોલ કંપની દ્વરા **credit** આપવા માં આવે છે.

## (૪) ગેસના જથ્થા માટેની જરૂરીયાતના પ્રમાણમાં વપરાશ કેમ ઓછો થયો છે? આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના ભાવોની શું અસર પડી છે ?

મા.ધારાસભ્યશ્રી વિનુભાઇ મોરડીયા

**જવાબ**

આંતરરાષ્ટ્રીય બજાર માં ગેસના ભાવમાં થયેલ વધારાના કારણે સ્પોટ ગેસના ભાવ માં વધારો થયેલ છે. જેના કારણે ગેસના જથ્થા માટેની જરૂરિયાતના પ્રમાણમાં વપરાશ ઓછો થયેલ છે.

જાન્યુઆરી -૨૦૨૨ થી ડિસેમ્બર -૨૦૨૨ માં આંતરરાસ્ટ્રીય બજારમાં રશિયા અને યુક્રેન યુદ્ધના લીધે ગેસની કિમતમાં ખુબજ વધારો થયેલ અને ભાવ ૪૫ ડોલર/એમ એમ બી ટી યુ પહોંચેલ. જેથી ગેસ આધારિત વીજ મથકો માટે સ્પોટ અથવા (High Sea) હાઇ-સી ગેસ ખરીદવામાં આવેલ નથી

જરૂરી ખુટતા ગેસ ની ફાળવણી જરૂરીયાત પ્રમાણે જીએસપીસી/ગેઇલ (સ્પોટ ગેસ) અને હાઇ સીઝ ગેસ (High Sea) દ્વારા કરવામાં આવે છે.